આઈ.સી.એફ.ઈન્ડીયા દ્વારા છતીસગઢ ચાંપા ખાતે ચોથી ટી-૨૦ રાઠોડ નેશનલ ક્રિકેટ ટ્રોફી-૨૦૧૩નું આયોજન થયું હતું. જેમાં જુદા જુદા રાજ્યની ૧૬ ટીમોએ ભાગ લીધો હતો. સેમી ફાઈનલ મેચ ગુજરાત અને આંધ્રપ્રદેશ વચ્ચે રમાઈ હતી. આ ટુર્નામેન્ટમાં હિંમતનગરના આશીફ લુહારે ૮૦ રન કરી મેન ઓફ ધ મેચનું બિરૂદ મેળવ્યું હતું. ફાઈનલ મેચ હરિયાણા અને ગુજરાતની ટીમ વચ્ચે રમાઈ હતી. જેમાં ગુજરાતની ટીમ ચેમ્પિયન બની હતી. (તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

સાબરકાંઠાના તલોદની ચકચારી ઘટના...!

જિલ્લા કોંગ્રેસ પ્રમુખને કાર્યકરે તમાચા ચોડી દીધા

એ.આઈ.સી.સી.ના મહામંત્રી મધુસુદન મિસ્ત્રીને પણ ધક્કે ચઢાવ્યા

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના વેપારી મથક તલોદ ખાતે નગરપાલિકાની ચૂંટણીને અનુલક્ષીને કોંગ્રેસ દ્વારા એ.આઈ.સી.સી.ના મહામંત્રી મધુસુદન મિસ્ત્રીના સાનિધ્યમાં શુક્રવારે એક કાર્યકરોની મીટીંગનું આયોજન કર્યું હતું. જેમાં ઉપસ્થિત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલને એક કાર્યકરે ત્રણ-ચાર તમાચા ચોડી દેતાં મીટીંગમાં હાજર કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો સ્તબ્ધ બની ગયા હતા. મિસ્ત્રી પ્રત્યે પણ કાર્યકરોએ નારાજગી વ્યક્ત કરી તેમને પણ ધક્કે ચઢાવ્યા હતા.

કોંગ્રેસ માટે ઘટેલી શરમજનક ઘટનાની વિગત અનુસાર તલોદ નગર પાલિકાની આજે રવિવારે ચૂંટણી યોજાનાર છે. જેના સંદર્ભે શુક્રવારના રોજ તલોદ શ્રીનાથજી હોલમાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. એ.આઈ.સી.સી.ના મહામંત્રી અને સાબરકાંઠાના પૂર્વ સાંસદ મધુસુદન મિસ્ત્રીની નિશ્રામાં યોજાયેલ બેઠકમાં પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપ્યા બાદ કાર્યકોરને મળી રહ્યા હતા ત્યારે મહિયલના કોંગ્રેસી કાર્યકર બિલાવરસિંહ ઝાલા એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને 'તમે ક્ષત્રિયોને શું સમજો છો'કહી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલને ત્રણ-ચાર તમાચા ચોડી દીધા અને મધુસુદન મિસ્ત્રી પ્રત્યે પણ નારાજગી વ્યક્ત કરી ધક્કે ચઢાવ્યા હતા. કાર્યકરના બેહુદા વર્તનથી આગેવાનોમાં સોંપો પડી ગયો હતો.

વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની ટીકીટોની ફાળવણીમાં ભારે ધમસાણ મચ્યું હતું. ખેડબ્રહ્મા બેઠક ઉપરના સીટીંગ ધારાસભ્ય અશ્વિન કોટવાલનેફરીથી રીપીટ ન કરવા માટે તેમજ હિંમતનગર બેઠક ઉપર રાજેન્દ્રસિંહ ચાવડાને ટીકીટ ન આપવા માટે મધુસુદન મિસ્ત્રી અને ડાહ્યાભાઈ પટેલે બહુ ધમપછાડા કર્યા હતા.

જિલ્લામાં ક્ષત્રિય મતોનું પ્રભુત્વ છે. જેના કારણે કોંગ્રેસમાં સંગઠનનો અભાવ હોવા છતાં જિલ્લાની સાત બેઠકો પૈકી કોંગ્રેસે ૬ બેઠકો જીતી ભૂકંપ સર્જ્યો હતો. ઈડર એસ.સી. બેઠકને બાદ કરતાં ખેડબ્રહ્મા અને ભીલોડા બેઠક ઉપર કોંગ્રેસના બે એસ.ટી. ઉમેદવાર વિજયી બન્યા હતા, જ્યારે બાકીની ૪ બેઠકો હિંમતનગર, પ્રાંતિજ, મોડાસા અને બાયડ બેઠક ઉપર કોંગ્રેસના ત્રણ ક્ષત્રિય ઉમેદવારોએ જીત હાંસલ કરી હતી.

બનાસકાંઠા જિલ્લા પંચાયત પ્રમુખ દલસંગભાઈ તેમના ટેકેદારો સાથે ભાજપમાં જોડાયા

પાલનપુર, તા. ૯

કોંગ્રેસશાસીત બનાસકાંઠા જિલ્લા પંચાયતનું પાંચ વર્ષ સુધી સુકાન સંભાળનાર સહકારી અગ્રણી જી.પં.ના પ્રમુખ શ્રી દલસંગભાઈ પટેલ તેમના ટેકેદારો સાથે આજે પાલનપુર ખાતે પ્રદેશ ભાજપના અગ્રણીઓની હાજરીમાં ભાજપમાં જોડાયા હતા.

બનાસકાંઠા જિલ્લા પંચાયતોની આગામી ૧૭મી ફેબ્રુઆરીએ યોજાનાર ચૂંટણીમાં જિલ્લા પંચાયતની કોહરામ બેઠક ઉપર ફોર્મ ભર્યા બાદ કોંગ્રેસે મેન્ડેટ ન આપતાં માનહાનિ થતાં શ્રી દલસંગભાઈ પટેલે કોંગ્રેસ સાથે છેડો ફાડી નાખ્યો હતો.

આજે પાલનપુર ખાતે જિલ્લા પંચાયતની ચૂંટણીની સમિક્ષા માટે જિલ્લાના અગ્રણી કાર્યકરોની યોજાયેલ બેઠકમાં શ્રી દલસંગભાઈ પટેલ અને તેમના સાથીઓ આવી પહોંચતા પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયા, પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજા, પ્રદેશ મહામંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી, પ્રદેશ મંત્રી શ્રી કે.સી. પટેલે ખેસ પહેરાવી તેમનું સ્વાગત કર્યું હતું. જિ.પં.ના સભ્ય શ્રી મેરૂજી ધુંખ પણ તેમની સાથે ભાજપમાં જોડાયા છે. આ પ્રસંગે મંત્રીશ્રી પરબતભાઈ પટેલ, મંત્રીશ્રી લીલાધરભાઈ વાઘેલા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડીસાના ભડથ ગામે ટ્રેકટર ટ્રોલી નીચે આવતા પાંચ વર્ષીય માસુમ બાળકનું કરૂણ મોત

ડીસા, તા.૯

ડીસાના ભડથ ગામે એક ટ્રેક્ટર ચાલકે પોતાનું ટ્રેક્ટર ગફલત ભરી રીતે ચલાવતાં આ ટ્રેક્ટરની ટ્રોલી નીચે એક બાળક ચગદાયું હતું. જેનું ઘટના સ્થળે કરૂણ મોત થયું હતું. આ મામલે ડીસા તાલુકા પોલીસે ઘોરણસર તપાસ હાથ ધરેલ છે.

ડીસા તાલુકાના ભડથ ગામે રહેતાં કનુભા બદસિંહ વાઘેલા ખેતી કામ અર્થે ટ્રેક્ટર ચલાવતા હતાં. જો કે તે દરમિયાન તેવોએ કોઈ કારણોસર ટ્રેક્ટરને રીવર્સમાં ચલાવતા થયેલા ગફલત ભર્યા ડ્રાઈવિંગે ટ્રેક્ટરની ટ્રોલી નીચે સુરેશ ઓંબાજી માજીરાણા ઉ.વ.૫ નું બાળક ટ્રોલીના તોતીંગ પૈડા નીચે આવી ગયું હતું. તેથી આ બાળકનું ઘટના સ્થળે મોત થયું હતું. આ મામલે ડીસા તાલુકા પોલીસે તપાસ હાથ ધરેલ છે.

પ્રાંતિજની અવરઓન હાઈસ્કૂલમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા

પ્રાંતિજ, તા.૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સ્થિત નગરની કેળવણી મંડળ સંચાલિત અવરઓન હાઈસ્કૂલમાં આવેલ શૈક્ષણિક સભાખડમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ સ્થિત અવરઓન હાઈસ્કૂલમાં યોજાયેલ આ કાર્યક્રમમાં ધોરણ-૧૦ તથા ધો-૧૨ના વિદ્યાર્થીઓનો સત્કાર તેમજ તાલુકા જિલ્લા કક્ષાની રમતોમાં શ્રેષ્ઠ દેખાવ કરનારા વિદ્યાર્થીઓને આંધ્રપ્રદેશમાં થ્રો બોલ સ્પર્ધાના વિજેતા તેમજ અન્ય પ્રવૃત્તિઓમાં ઉત્તીર્ણ તમામને અફઝલભાઈ દાણાવાલ, ભરત ફડીયા, અરવિંદભાઈ કોઠારી, આચાર્ય એસ.જી. પટેલ સહિતના અગ્રણીઓએ સન્માનિત કરી ઈનામોનું વિતરણ કર્યું હતું. બાદમાં વિદ્યાર્થીઓએ વિવિધ થીમ આધારિત કાર્યક્રમ-ગીત-સંગીત આધારિત કાર્યક્રમ રજૂ કર્યા હતા. જયારે અંતે સંસ્થાના મંત્રી રઈશભાઈ કરબાતીના શુભેચ્છા સંદેશાઓનું વાંચન કરવામાં આવ્યું હતું.

વોટર સિક્યુરીટી પાયલોટ પ્રોજેક્ટની કોરગ્રુપની બેઠક યોજાઈ

મહેસાણા, તા. ૯

મહેસાણા જિલ્લામાં વાસ્મો દ્વારા વોટર સિક્યુરીટી પાયલોટ કાર્યક્રમ ખેરાલુ અંતર્ગત કોરગ્રુપની બેઠકનું આયોજન સરકીટ હાઉસ ખાતે રાખવામાં આવ્યું હતું. જેમાં વોટર બજેટીંગ સંકલિત અમલીકરણ, પાણી અને તેના પ્રશ્નો વિશે ચર્ચા કરવામાં આવી હતી.

સમગ્ર દેશમાં વોટર સીક્યુરીટી પાયલોટ પ્રોગ્રામ ૧૦ રાજ્યોના નવ તાલુકાઓમાં પેયજળ સુરક્ષાના નવતર પ્રયોગ હેઠળ ચાલી રહ્યો છે. જેમાં ખેરાલુ તાલુકામાં સૌ પ્રથમવાર આ નવતર પ્રયોગને સફળતા મળી છે. પાણીના વપરાશ માટે લોકોમાં જાગૃતિ ઓ તે માટે ૬૦ ગામોમાં વોટર બજેટીંગનું કાર્ય શરૂ કર્યું છે. વોટર બજેટીંગના પગલે ચાડા, વધવાડી, ચાણસોલ, મહીયલ અને નોરતોલના પાંચ ગામમાં ૫ લાખ લિટરથી વધુ પાણીની બચત થઈ છે તેમજ વીજળીમાં પણ ૩ લાખથી વધુની બચત થઈ છે.

આ બેઠકમાં વિવિધ પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યા હતા. બેઠકમાં ઉપસ્થિત વાસ્મોના સંયુક્ત સચિવશ્રી યુ.આર. પંડ્યાએ જણાવ્યું હતું કે પાણીની જરૂરીયાત પ્રમાણેપુરવઠોઘટી રહ્યો છે. પાણીની બચત કેમ કરવી અને વોટર બજેટીંગ કેવી રીતે થાય તે માટે આજે દરેક વિભાગે વિચારવાની જરૂરીયાત ઉભી થઈ છે. વિવિધ વિભાગો સાથે સંકલન અમલીકરમ અને જવાબદારીઓ નિભાવવી જરૂરી છે. પાણીએ સૌની સંપત્તિ છે જેથી ભવિષ્યમાં પાણી મળી રહે તે માટે આપણે આયોજન કરવું જોઈએ તેમ જણાવ્યું હતું. કલેક્ટરશ્રી રાજકુમાર બેનીવાલે જમાવ્યું હતું કે, પાણીની સમસ્યા પર વિચાર ના કરતાં તેના નિરાકરણ માટે આયોજન કરવુંજરૂરી છે. વાસ્મો દ્વારા મહેસાણા જિલ્લામાં સારૂ કામ થયું છે જે અભિનંદનને પાત્ર છે. પરંતુ આ બાબતે હજુ વધુ કામ કરવાની આવશ્યકતા છે.

ડીસાની ગાયત્રીનગર સોસાયટીના એક મકાનમાંથી શહેર પોલીસે કઢંગી હાલતમાં બે ઈસમો ઝડપ્યા

ડીસા, તા.૯

ડીસાની ગાયત્રીનગર સોસાયટીમાં એક મહીલા અનીતી ધામ ચલાવતી હોવાની ડીસા શહેર પોલીસને ખાનગી રાહે બાતમી મળતાં પોલીસે ગત રાત્રીએ પંચો રૂબરૂ શંકમંદ મકાનમાં દરોડો પાડયો હતો. આ દરોડા કાર્યવાહીમાં બે ઈસમો કઢંગી હાલતમાં મળી આવ્યા હતાં. જેઓના વિરૂધ્ધમાં શહેર પોલીસે ઈમોરેલ ટ્રાફીક એકટ ૧૯૫૬ અન્વયે ગુનો દાખલ કરી આ મામલે તપાસ હાથ ધરેલ છે.

આ અંગેની વિગતો જોઈએ તો ડીસાની ગાયત્રીનગર સોસાયટીમાં રહેતી એક મહીલા ખુલ્લે આમ બહારથી યુવતીઓ બોલાવી અનીતીધામ ચલાવી રહેલ હોવાની બાતમી શહેર પોલીસને મળી હતી. જે બાતમી આધારે પોલીસે પંચોને સાથે રાખી શકમંદ જ મકાનમાં રાત્રી સમયે દરોડો પાડયો હતો. આ દરોડામાં કઢંગી હાલતમાં મહીલા તેમજ લાલાભાઈ દેવાભાઈ પટેલ રહે. બુરાલ તા. ડીસા તેમજ પાંચાભાઈ વાલજીભાઈ રબારી રહે. રવિયા, તા. ધાનેરાવાળાએ ઝડપાયા હતાં. આ ત્રણેય આરોપીઓ વિરૂધ્ધ શહેર પોલીસે ઈમોરેલ ટ્રાફીક એકટ ૧૯૫૬ની કલમ ૩, ૫, ૭ મુજબ ગુનો દાખલ કરેલ છે. આ મામલાની વધુ તપાસ ડીસા શહેર પોલીસ ચલાવી રહેલ છે.

એસ.ટી. નિગમની બસો મહેસાણા હાઈવે પરથી બારોબાર નિકળી જતા મુસાફરોમાં આક્રોશ

તંત્રના અધિકારીઓ તમામ પરિસ્થિતિથી વાકેફ હોવા છતાં કોઈ પગલા ભરાતા નથી

મહેસાણા, તા.૯

અમદાવાદ પાલનપુર ફોરલેન હાઈવે પર આવેલ જિલ્લા મથક મહેસાણા તેમજ સુપ્રસિધ્ધ તીર્થસ્થળ સિધ્ધપુરથી પસાર થતી એસ.ટી. નિગમની કેટલીયે એસ.ટી. બસો આ બંને શહેરોના મુખ્ય બસ મથકોએ ન જતાં હાઈવે પરથી બારોબાર નીકળતી હોઈ અસંખ્ય મુસાફરો ભારે પરેશાની વેઠી રહ્યા છે. મહેસાણા અને પાલનપુર એસ.ટી. વિભાગના ઉચ્ચ અધિકારીઓ આવી પરિસ્થિતિથી વાકેફ હોવા છતાં તેઓ દ્વારા કોઈ પગલાં ભરાતા નથી.

ઉત્તર ગુજરાતનું મહેસાણા જિલ્લા મથકની સાથે એક વિકસીત શહેર છે. જયારે સિધ્ધપુર સમગ્ર દેશમાં માતૃ ગયા તીર્થસ્થળ તરીકે ખ્યાતિ ધરાવે છે. આ બંને શહેરોમાં રોજિંદા ઘણા મુસાફરોની એસ.ટી. બસો મારફતે આવન જાવન થાય છે. પરંતુ છેલ્લા ઘણા વખતથી અમદાવાદથી પાલનપુર તરફ જતી આવતી એસ.ટી. નિગમની કેટલીયે એકસપ્રેસ બસો સિધ્ધપુર તથા મહેસાણા શહેરોની અંદર આવેલ મુખ્ય બસ સ્ટેશનોમાં જતી નથી અને હાઈવે પરથી બારોબાર નીકળી જાય છે. પરિણામે સિધ્ધપુર તથા મહેસાણા શહેરમાં જવા ઈચ્છતા મુસાફરોને હાઈવેથી રીક્ષા યા લોકલ બસનો ઉપયોગ કરવો પડે છે. જેથી મુસાફરોને ખોટા ખર્ચા થતા હોય છે. આવી સ્થિતિ લાંબા સમયથી હોવા છતાં એસ.ટી.ના અધિકારીઓને જાણે કંઈ પડી જ નથી.

મુસાફરોનું કહેવું છે કે, બનાસકાઠા જિલ્લાનું મુખ્ય મથક પાલનપુર શહેરનું મુખ્ય બસ સ્ટેશન હાઈવેથી અંદાજે ત્રણેક કિ.મી. જેટલું દૂર છે. તેમ છતાં ગુજરાત અને રાજસ્થાન એસ.ટી. નિગમની તમામ બસો શહેરના મુખ્ય બસ સ્ટેશનમાં જાય છે ત્યારે સિધ્ધપુર અને મહેસાણા શહેરોના મુખ્ય બસ સ્ટેશનોમાં થોડી ઘણી બસો જવી જરુરી છે.

ઉનાવા નજીક હાઈ-વે પર આવેલ મેમ તળાવનું ગંદકીના કારણે સૌંદર્ય હણાઈ ગયું છે : તંત્ર મોજમાં

ઊંઝા, તા.૯

ઊંઝા નજીકના સુપ્રસિધ્ધ યાત્રા સ્થળ ઉનાવા ગામે હાઈવે પર આવેલ મેમ તળાવના દૂષિત પાણી વેલ અને ગંદકીના કારણે તળાવનું સૌંદર્ય હણાઈ ગયું છે તેમ છતાં લાગતા વળગતા તંત્રને કંઈ જ પડી નથી.

ઉનાવા ગામે મીરાંદાતાર દરગાહ પાસે હાઈવે પર અંદાજે ૮૪ વિઘા જેટલી જમીનમાં મહેસાણા જિલ્લા પંચાયતના સિંચાઈ વિભાગ હસ્તકનું મેમ તળાવ આવેલ છે. આ તળાવમાં છેલ્લા ઘણા વર્ષોથી ઊંઝા તરફથી આવતું ગટરનું દૂષિત પાણી તળાવમાં ભળે છે. જેથી પાણી ઘણું જ દૂષિત બની ગયેલ છે. વધુમાં તળાવમાં લીલનું પ્રમાણ વધી ગયેલ છે. તેમજ કિનારા પર કચરો ઠલવાય છે. જેથી ગંદકી ફેલાવા પામી છે. આના લીધે તળાવનું પાણી દુર્ગંધ મારે છે તેમાં મચ્છરોની ઉત્પત્તિ થઈ રહી છે.

વર્ષો પૂર્વે સ્થાનિક લોકો અને બહારથી અત્રે આવતા યાત્રિકો માટે આકર્ષણનું કેન્દ્ર બનેલ મેમ તળાવ છેલ્લા કેટલાક વર્ષોથી દૂષિત પાણી, ગંદકી, કચરો અને આસપાસમાં ગેરકાયદે દબાણોને લીધે સાવબિન ઉપયોગી બની જતાં તેનું સૌંદર્ય હણાઈ ગયું છે. રોડ પરથી પસાર થતાં લોકોને તેમજ વાહનચાલકોને અહીંથી પસાર થતી વેળા પોતાના મોં પર રૂમાલ મૂકવો પડે તેવી સ્થિતિ પેદા થઈ છે. તેમ છતાં જિલ્લા પંચાયતના સિંચાઈ વિભાગના અધિકારીઓને તળાવની જાળવણીની કંઈ જ પડી નથી.

ઉનાવા બેઠક પરથી મહેસાણા જિલ્લા પંચાયતના સભ્ય ચૂંટાય છે. પરંતુ છેલ્લા ઘણા વર્ષોથી ચૂંટાયેલા પ્રજાના પ્રતિનિધિઓએ પણ તળાવ સંદર્ભે કોઈ નક્કર કામગીરી કરી નથી. પરિણામે લોકોમાં ઘેરા અસંતોષની લાગણી ફેલાઈ છે.

ડીસાથી રવાના થયેલ માલ નિયત સ્થળે નહીં પહોંચતા પોલીસ ફરીયાદ

ડીસા, તા. ૯

ડીસાના સમશેર પુરા પાસે આવેલ દિનેશચંદ્ર આર. અગ્રવાલના પ્લાંટમાંથી ખડકપુર વેસ્ટ બંગાલ ખાતે ટ્રક મારફતે રવાના કરાયેલ માલ સમયસર નહી પહોંચતા ટ્રાંન્સપોર્ટના બુકીંગ એજન્ટે અમદાવાદના પ્રોપરાઈટર સામે પોલીસમાં રજુઆત કરી છે.

અમદાવાદ ખાતે નારોલ હાઈવે પર તીર્થભુમી સોસાયટીમાં રહેતા ટ્રાંન્સપોર્ટ બુકીંગ એજન્ટનો ધંધો કરે છે. ડીસાના શમશેરપુરા ખાતે દિનેશચંદ્ર આર. અગ્રવાલના ગોડાઉનમાંથી ૧૬ મેટ્રીક ટન મટીરીયલ્સ ખડગપુર વેસ્ટ બંગાલ મોકલવાનું હોવાથી રાકેશ બ્રહ્મભટ્ટ અમદાવાદના હિમાલયા રોડલાઈન્સના સાધુરામ ચૌધરીને સામાન પહોંચાડવાનું કામ સોંપેલ અને વાહન નં. ડબલ્યુ-બી. ૩૯૭૩૯૮માં તેમજ ફોન સ્વીચ ઓફ આવતા રૂા. ૨.૫૦.૦૦૦ના માલ તેમજ ભાડે પેટે ચુકવેલ રૂા. ૫૪,૦૦૦ની છેતરપીંડી કરી હોવાનું જણાતા રાકેશ બ્રહ્મભટ્ટે ઉપરોક્ત ઈસમો સામે ડીસા રૂરલ પોલીસ મથકમાં લેખીત અરજી આપેલ છે. છેતરપીંડીના કીસ્સામાં હિમાલયા રોડ લાઈન્સના સાધુરામ ચૌધરી તેમજ અન્ય સામે તપાસ હાથ ધરવાની માંગણી કરવામાં આવી છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮